*This Question Paper contains 8 printed pages.*
***(Sections - A, B, C & D)***

Sl.No. [redacted]

# 01 (G)

**(MARCH, 2023)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 46 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ – A **[20]**

અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. **[4]**

| (અ) પાત્ર | (બ) ઉક્તિ |
|---|---|
| 1) દુકાન દાર | (અ) 'નમસ્તે, યંગ મેન!' |
| 2) જીવલો | (બ) 'કાલ્ય હવારે રૂપિયો દઈ જાશું.' |
| 3) દેવજી | (ક) 'અમારી છત્રી ખૂબ ટકાઉ હોય છે.' |
| 4) વિરાટ | (ડ) 'મને વિનુકાકા જરાય નથી ગમતા.' |
| | (ઈ) 'હાઉકારનાં પોયરાંને આપદાની પડવી જોઈએ' |

**બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[2]**

5) હિમાલયના પ્રવાસ દરમિયાન જવાહરલાલ નહેરુને કેવો અનુભવ થયો?

6) નરેને કઈ તાલીમ મેળવી હતી?

**ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.** **[6]**

7) શ્રીમદ્ રાજચંદ્રે દેહ અને આત્માને કેવી રીતે સમજાવ્યો છે?

8) 'ઝૂંપડા' માં રહેલી માણકીની કરૂણતા ટૂંકમાં જણાવો.

9) જીવલાના પુત્ર ગોવિંદનો બાહ્ય દેખાવ કેવો હતો?

અથવા

'ઘોડીની સ્વામીભક્તિ' લોકકથાના આધારે વર્ષાઋતુનું વર્ણન કરો.

**ડ) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો.** **[8]**

10) હૃદયરોગના હુમલા બાબતે ગુણવંત શાહના વિચારો વર્ણવો.

11) ''શિક્ષણનો પાયાનો સિદ્ધાંત બાળકોને આનંદ આપવાનો છે.'' આ વિધાનને 'રેસનો ઘોડો' પાઠને આધારે સમજાવો.

અથવા

'ભૂખથીય ભૂંડી ભીખ' પાઠના આધારે કાળુની મનોવ્યથા આલેખો.

## વિભાગ – B [20]

**અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [4]

| (અ) કૃતિ | (બ) કાવ્ય સંગ્રહ |
|---|---|
| 12) એક બપોરે | (અ) 'વરસાદની મોસમ' |
| 13) વતનથી વિદાય થતાં | (બ) 'અંગત' |
| 14) શિકારીને | (ક) 'અંતરીક્ષ' |
| 15) માધવને દીઠો છે ક્યાંય? | (ડ) 'રઢિયાળી રાત' |
| | (ઈ) 'કલાપીનો કેકારવ' |

**બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [2]

16) 'ચાંદલિયો' લોકગીતમાં કયા સંબંધોનું મધુર ચિત્ર નિરૂપાયું છે?

17) 'એક બપોરે' કાવ્યમાં બપોર એ શેનું પ્રતિક છે?

**ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.** [6]

18) 'માધવને દીઠો છે ક્યાંય?' કાવ્યમાં કવિએ કૃષ્ણ વિરહ ને કયાં કયાં પ્રતિકો દ્વારા તીવ્ર બનાવ્યો છે?

19) 'શિકારીને' કાવ્યમાં કવિ પક્ષીને પામવા શું કરવાનું કહે છે?

20) કવિ રાજેન્દ્ર શાહ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે?

અથવા

શીલવંત સાધુના ત્રણ કે ચાર લક્ષણો જણાવો.

**ડ) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો.** [8]

21) દીકરીનો ઉછેર કેવી રીતે થવો જોઈએ તે તમારા શબ્દોમાં લખો.

22) 'હુ એવો ગુજરાતી' કાવ્યને આધારે ગુજરાતનો મહિમા વર્ણવો.

અથવા

મુક્તક એટલે શું? સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી... માં રઈશ મણિયાર શું કહેવા માગે છે?

## વિભાગ – C [20]

• **માગ્યા પ્રમાણે ઉત્તર લખોઃ**

**કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

23) નીચેના બે શબ્દોની સાચી જોડણી શોધીને લખો. [1]

શારિરીક (શારીરિક, શારિરિક, શારીરીક)

સ્ફુર્તિ (સ્ફૂર્તિ, સ્ફુર્તી, સ્ફૂર્તિ)

24) સમ્ + આચાર – શબ્દની સાચી સંધિ જોડો. [1]

(સદાચાર, સમાચાર, સમ્યાચાર)

25) 'પ્રેમશૌર્ય' શબ્દનો સમાસ ઓળખાવો. [1]

(દ્વન્દ્વ સમાસ, તત્પુરુષ સમાસ, ઉપપદ સમાસ)

26) યોગ્ય જોડકું જોડો. [1]

| (અ) | (બ) |
|---|---|
| 1) કર્તરિ વાક્ય રચના | (અ) ગાંધીજીથી તેમના અનુરાગી થવાયું. |
| 2) કર્મણિ વાક્ય રચના | (બ) મામાએ મનનો ભાર હળવો કર્યો. |
| | (ક) શિક્ષકે વિદ્યાર્થીઓ પાસે-ચિત્રો દોરાવ્યાં |

27) 'રાજાની ખ્યાતિ તેના કરના યોગ્ય ઉપયોગ પર નિર્ભર છે.' વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો.

(શ્લેષ અલંકાર, સજીવારોપણ અલંકાર, અનન્વય અલંકાર) [1]

28) 'ભજન' શબ્દમાં ક્યો પ્રત્યય રહેલો છે? [1]

(પર પ્રત્યય, પૂર્વ પ્રત્યય, એકપણ પ્રત્યય નહિ)

29) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. [1]

1) નૈસર્ગિક (કુદરતી, નસીબ, પ્રકૃતિ)

2) વેરાન (ખાલી, ઉજ્જડ, ભયંકર)

30) 'તૃષ્ણા' સંજ્ઞાનો આપેલ વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. [1]

(દ્રવ્યવાચક સંજ્ઞા, ભાવવાચક સંજ્ઞા, જાતિવાચક સંજ્ઞા)

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

31) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો. [1]

તુરિયાનો તાર જાગી ઊઠવો

32) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. [1]

નહીં ઘરના કે નહીં ઘાટના

33) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. [1]

રસ્તાનો જાણકાર

34) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો. [1]

ધરા

35) બંને શબ્દના જોડણી ભેદે થતો અર્થભેદ જણાવો. [1]

કેશ – કેસ

36) નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ લખો. [1]

આપદા

37) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

બાપુ શાહુકારીનો ધંધો કરતા.

38) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર જણાવો. [1]

દીકરી એકાએક રડવા લાગી.

39) 'કટાક્ષ' શબ્દના ધ્વનિઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો. [1]

40) નીચેના વાક્યની પ્રેરક વાક્યરચના બનાવો. [1]

દિશા ચા બનાવે છે.

41) નીચે આપેલા સૂત્રનો છંદ ઓળખાવો. [1]

સૂત્ર:

પાંચમે લઘુતા તોળો, ગુરુ છઠ્ઠો લખ્યો,

બીજે ચોથે પદે બોલો શ્લોકમાં લઘુ સાતમો.

42) મંદાક્રાન્તા છંદમાં અક્ષર અને બંધારણ જણાવો. [1]

## વિભાગ – D [20]

**43) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** [4]

આજ કરશું, કાલ કરશું, લંબાવો નહિ દહાડા,

વિચાર કરતાં વિઘ્નો, વચમાં આવે આડાં.

અથવા

પરસેવાને પ્રબળ રસાયણ થઈ સઘળે રેલાવું પડશે,

ભલે ભાગ્યરેખા વજ્જર સમ, તેણે પણ ભૂંસાવું પડશે.

**44)** તમારી શાળામાં યોજાયેલ 150 મી ગાંધીજયંતી પર 'પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન' નો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. [4]

**45) નીચે આપેલ ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** [4]

'આજે તો બધે ઊંચા જીવનધોરણની બૂમો પડી રહી છે. વાડીવજીફો, મોટર, બંગલો, ટી.વી. વગેરેને ઊંચું જીવન કહે છે. જૂના વખતમાં પ્રામાણિક, પવિત્ર, સદાચારી જીવન ઊંચું ગણાતું. જેની જરૂરિયાત ઓછી તે ઊંચો ગણાતો. પણ આજે તો ઊંચા જીવનની વ્યાખ્યા જ અવળી થઈ ગઈ છે. પરંતુ આ ઊંચુ જીવન કે પછી અધોગતિનું જીવન? ઊંચા જીવન વિશેના આપણા અને પશ્ચિમના ખ્યાલમાં જમીન-આસમાનનું અંતર છે. પહેલાં ગામમાં ડોસીઓ કહેતી કે – 'હૈયું ન બાળજો, હાથ બાળજો.' પણ આજે તો હૈયું બાળવાની વાત આવી ગઈ છે. હાથને સુંવાળા બનાવે છે, ઉપર મેંદી મૂકે છે. પહેલાં સવારે ઊઠતાવેંત પોતાના જમણા હાથનાં દર્શન કરતાઃ 'તારા પ્રતાપે દહાડો કાઢીશ.' એવી ભાવના રહેતી. ઈશ્વરે બે હાથ આપ્યા છે એટલેસ્તો છાતી કાઢીને ચાલી શકીએ છીએ, નહિ તો ગાય, ભેંસ, બળદની જેમ વાંકા વળીને ચાલવું પડત. ભગવાને માણસને એક મોઢું અને બે હાથ આપ્યા છે. પણ આજે તો મોઢાં વધતાં જાય છે અને હાથ ઘટતા જાય છે. બહુ થાય તો હાથનો ઉપયોગ ઝૂંટ મારીને બીજાનું પડાવી લેવામાં થાય છે. હાથનો સાચો ઉપયોગ થતો હોય તો કોઈ દિવસ તંગી ન વરતાય.'

-રવિશંકર મહારાજ

46) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [8]

- ગામડું બોલે છે.

  (મુદ્દા :- પ્રસ્તાવના – ગામડાનું વર્ણન – ગ્રામજીવનની વિશિષ્ટતાઓ – ગ્રામજીવનની મર્યાદાઓ – શહેરીકરણને લીધે ભાંગતા ગામડાઓ – ઉપસંહાર)

અથવા

- મોબાઈલના લાભાલાભ

  (મુદ્દા :- પ્રસ્તાવના – આજનોયુગ – ટેક્નોલોજીનો યુગ – મોબાઈલ ટેક્નોલોજીનું અદ્દ્ભુત સર્જન – મોબાઈલના લાભો – મોબાઈલના ગેરલાભો – સંતાનોના હાથમાં મોબાઈલ – માબાપના માથાનો દુ:ખાવો – ઉપસંહાર)

અથવા

- એકબાળ, એક ઝાડ

  (મુદ્દા :- પ્રસ્તાવના – આ સૂત્રનો શબ્દાર્થ અને ભાવાર્થ – બાળ જન્મ અને વૃક્ષ જન્મ સમાંતર ચાલે – શાળા પ્રવેશોત્સવ સમયે વિદ્યાર્થી એક વૃક્ષ ઉછેરે – બેફામ વસ્તી અને વૃક્ષછેદન પ્રવૃતિ પર્યાવરણને હાનીકારક – વૃક્ષારોપણ ઔપચારિક નહિ – ઉપસંહાર)

♦♦♦♦